**Recitation of Ana(n)t Akhādo over 40 days**

**Day 37**

આશાજી રાતે સુઈ દીન ધંધે પડયા, દુનીયા સરવે સારીજી;
પડદે બેઠા શાહ સહુને જાણે, કરો મન હુશીયાર. હરી૦ (૪૫૧)

આશાજી ચાર પોહોર ચેતીને ચાલો, રાતીઆ કરો હુશીયારીજી;
માણુક મોતી જોઈને લેજો, કરો એવડી વેપાર. હરી૦ (૪૫૨)

આશાજી માણુક મોતી ગીનાન વીચારો, ધરો શાહસું પ્યારજી;
હેત થકી તમે હેતજ રાખો, કરો મન મુરાદ. હરી૦ (૪૫૩)

આશાજી ચીતમાંહે ચેતીને આપજ રાખો, ગુરનર હય તેરી કાયા માંહેજી;
કાયા તેરી જો પીંઢ પકાવો, તો હોશે ગુરનરને સાથે. હરી. (૪૫૪)

આશાજી હીરા માણુક અપુરણ લાધા, પરખો પરમાણ હીરજી;
શરીર વેચી તમે હીરા વણજો, તો પોહોંચો ગુરનરને પાસ.
હરી૦ (૪૫૫)

આશાજી મારગ ચોખો મેલા કીજે, વાટ સુવાટે ચાલોજી;
સુરી નર કેરો જાપ કરશો, તો પોહોંચો ગુરનરને ઠામ. હરી. (૪૫૬)

આશાજી હમતમમાંહે નહી કુછ વીશ્વાસ, જો હોશે કીરીયા સારીજી;
દસોંદ દેતા જીવજ છુટે, પોહોંચે સરગ દુઆર. હરી૦ (૪૫૭)

## Day 37 (continued)

આશાજી દસોંદ દેવે નીતનીત લેવે, દાનપુન સોહીજી;
ભવસાગરના ફેરા છુટે, જો દેવે દસોંદ દાન. હરી० (૪૫૮)

આશાજી ફલ પાકે ફલજ લેશે, તે ગુર ભરમાજીકે હાથેજી;
એક ફલના સવાલાખ લેશો, લેશો શાહજીકે હાથે. હરી. (૪૫૯)

આશાજી ફલ લેવાને પુરા આવે, આવે તે શાહને હજુરજી;
જુગ દેખતા ફલજ આપશે, આપશે તે આપોહી આપ. હરી. (૪૬૦)

આશાજી ફલ દેતા ફલ સહુ કોઇ પામે, કમાઇ તણા ફલ લેશોજી;
ભમર પલંગ ઢોલીઆ લેશો, લેશો લેવણહાર. હરી० (૪૬૧)

આશાજી ખાન મલેક સરવે ઉભા, ઉભા કરે સલામજી;
નજરે દેખતા એવા ફલ લેશો, લેશો શાહને હાથ. હરી० (૪૬૨)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhādo. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)